# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-05-2026 Day : Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM - નોર્વે મુલાકાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નૉર્વેના તેમના સમકક્ષ જોનાસ ગાહર સ્ટોરે ઓસ્લોમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. બંને નેતાઓ ભારત-નોર્વે સંબંધોને હરિયાળી વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવા સંમત થયા. આ પ્રંસગે શ્રી મોદીએ કહ્યું કે, ભારત નૉર્વે ના આ જોડાણથી અનેક વૈશ્વિક ઉપાયો મેળવી શકાશે. વાટાઘાટો દરમિયાન બંને નેતા દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી તથા વેપાર અને રોકાણ, નવીનીકરણીય ઉર્જા, શિક્ષણ, સહિતના અનેક ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા સંમત થયા. શ્રી મોદીએ સંશોધન, શિક્ષણ અને નવિનતાને આ સંબંધોના મુખ્ય સ્તંભ ગણાવ્યા.

---

## PM – આજે ઇટાલીના રોમ પહોંચશે :

પાંચ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમનાં ઇટાલિયન સમકક્ષ જ્યોર્જિયા મેલોનીના આમંત્રણ પર આજથી બે દિવસ ઇટાલીના રોમ પહોંચશે. શ્રી મોદી પ્રધાનમંત્રી મેલોની સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ ઇટાલીના રાષ્ટ્રપ્રમુખ સર્જિયો મેટારેલાને પણ મળશે.

---

## દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG, કુદરતી ગેસનો પુરતો જથ્થો ઉપલબ્ધ :

સરકારે જણાવ્યું દેશમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને કુદરતી ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. પશ્ચિમ એશિયામાં તાજેતરના સંઘર્ષ પર ગઈકાલે નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તર પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું કોઈપણ એલપીજી વિતરક પાસે કોઈ અછત નથી. જ્યારે રસાયણ અને ખાતર મંત્રાલયના સંયુક્ત સચિવ, અપર્ણા એસ શર્માએ કહ્યું, ખરીફ મોસમ માટે ખાતરની ઉપલબ્ધતા રાજ્યોમાં 50 ટકાથી વધુ છે. દેશભરમાં બે લાખ મેટ્રિક ટનથી વધુ ખાતર ઉપલબ્ધ છે.

---------------------------------------------------------------------------------------------

## ‘ક્ષયમુક્ત ભારત’ અભિયાનની સમીક્ષા :

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ક્ષયમુક્ત ભારત અભિયાનની સમીક્ષા કરી. ગાંધીનગરના લોકભવન ખાતે યોજાયેલી બેઠકમાં બંને મહાનુભાવોએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની કામગીરીની સમીક્ષા કરી. રાજ્યપાલશ્રીએ અધિકારીઓને ક્ષય નિયંત્રણની કામગીરીમાં સહેજ પણ કચાશ ન રાખવા અને લોકોમાં મહત્તમ જાગૃતિ ફેલાવવા તાકીદ કરી. જ્યારે મુખ્યમંત્રીએ ક્ષયના પ્રત્યેક દર્દી સુધી સમયસર અને શ્રેષ્ઠ સારવાર પહોંચે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અધિકારીઓને સૂચના આપી.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ક્ષયનું સંપૂર્ણ નિદાન અને સારવાર તમામ પેટાકેન્દ્ર અને સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે ઉપલબ્ધ છે. ઉપરાંત 42 કિલોથી ઓછું વજન ધરાવતા પુખ્ત દર્દીઓ અને 14 વર્ષથી નાના બાળકોને છ મહિના સુધી ‘રેડી ટુ ઇટ ન્યુટ્રીશન સ્નેક્સ’ એટલે કે તૈયાર પૌષ્ટિક આહાર અપાશે.

---------------------------------------------------------------------------------------------

## વસ્તી ગણતરી – સાંસદ દ્વારા સ્વ- વસ્તી ગણતરી માટે અપીલ :

કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે ઓનલાઇન વસ્તીગણતરીના કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ટેકનોલોજીના યુગમાં વસ્તીગણતરીની પ્રક્રિયાને વધુ પારદર્શક અને સરળ બનાવવા માટે સરકાર દ્વારા ખાસ ડિજિટલ પોર્ટલ તૈયાર કરાયું છે. દેશમાં પ્રથમવાર વસ્તીગણતરી સંપૂર્ણપણે ડિજિટલ રીતે પોર્ટલ અને મોબાઇલ માધ્યમથી થઈ રહી છે.

ત્યારે કચ્છના સાંસદ વિનોદ ચાવડા `સ્વગણતરી' પ્રક્રિયામાં ઓનલાઈન માધ્યમથી તેમની અને તેમના પરિવારની વિગતો સાથેનું ફોર્મ ભરી સહભાગી બન્યા હતા. સરકારની આ ડિજિટલ પહેલ ખૂબ જ સરળ અને સમય બચાવનારી છે. સૌ નાગરિકોને આ અભિયાનમાં જોડાવા સાંસદે અપીલ કરી છે.

---

## ગાંધીધામ મહા નગરપાલિકા – નવા કમિશનરે પદભાર સંભાળ્યો :

ગાંધીધામ મહાનગરપાલિકાના નવા કમિશનર તરીકે બી.ડી. દવેરાએ ગઈકાલે વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે. રાજ્ય સરકાર દ્વારા થોડા દિવસો પહેલા IAS કક્ષાના અધિકારીઓની બદલી કરવામાં આવી હતી, જેમાં બી.ડી. દવેરાને ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર તરીકે નિયુક્ત કરાયા હતા. ઉલ્લેખનીય છે કે, ગાંધીધામ મહાનગરપાલિકાના પૂર્વ કમિશનર મનીષ ગુરવાણીની નવસારી કલેક્ટર તરીકે બદલી થતા તેમની જગ્યાએ બી.ડી. દવેરાએ ચાર્જ સંભાળ્યો છે. નવા કમિશનર બી.ડી. દવેરાએ જણાવ્યું હતું કે, ગાંધીધામ શહેરમાં વિવિધ વિકાસના કાર્યો ઝડપી કરવામાં આવશે.

---

## સરહદ દેરી – ભાવ વધારો :

કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. `સરહદ ડેરી' દ્વારા પશુપાલકો માટેના દૂધના ખરીદભાવોમાં પ્રતિ કિલો ફેટ 10 રૂપિયાનો વધારો કરી અને 830 રૂપિયા પ્રતિ કિલો ફેટ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

જિલ્લાના પશુપાલકો સરહદ ડેરીમાં દૂધ ભરાવીને સારી એવી આવક મેળવી રહ્યા છે. દૂધ ઉત્પાદકો દૂધના વ્યવસાય થકી આર્થિક વિકાસ હાંસલ કરી શકે તે માટે સરહદ ડેરી દ્વારા પશુપાલકોનાં હિતમાં આ નિર્ણય લેવાયો છે, જેને લઈને પશુપાલકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

---------------------------------------------------------------------------------------------

## ટુરિસ્ટ ગાઈડ તાલીમ :

પ્રવાસન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઇચ્છતા નાગરિકો માટે રાજયમાં આગામી સમયમાં વ્યાવસાયિક પ્રવાસન માર્ગદર્શક તાલીમ યોજાશે. ઈચ્છુક લોકો પ્રવાસન નિગમની વેબસાઈટ GUJARATTOURISM.COM પર આગામી ૨૩ મે સુધી અરજી કરી શકશે. શહેરના ગાઈડ બનવા ધોરણ 12 પાસ ફરજિયાત જ્યારે સમગ્ર ગુજરાત માટે સ્નાતક અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ફરજીયાત હોવાનું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------